R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૭મું

VOLUME : 02 • ISSUE : 12 • PAGES : 28 • MUMBAI • DATE : 20TH APRIL 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

**તંત્રી સ્થાનેથી**

**તા. ૫.૪.૨૦૨૨ના અંકમાં પ્રકાશિત મારા તંત્રીલેખના અનુસંધાને એડ. ઉદયન લાલજી શાહનો આ લેખ વિચારણીય છે એટલે આ અંકના તંત્રીલેખમાં એને સ્થાન આપેલું છે.**

**– ડૉ. હીરાચંદ દંડ**



# જ્ઞાતિના ચોકીદારો

પ્ર.સ.ના તા.૦૫.૦૪.૨૦૨૨ના અંકમાં મુંબઈમાં બિરાજમાન અને કદઓ જ્ઞાતિને આશિર્વાદ આપતા અનંતનાથદાદાના દેરાસરમાં એક મોટી રકમની છેતરપિંડીની વિગત છપાઈ હતી એના અનુસંધાને આ લેખ લખી રહ્યો છું. છેલ્લા ૨૫૦ વર્ષમાં આપ બળે આગળ આવેલી આપણી જ્ઞાતિએ રહેઠાણો, શાળાઓ, વિદ્યાર્થીગૃહો, બેંક, મેડિકલ સંસ્થાઓ અને મહાજનવાડીઓ બનાવી છે. જ્યાં જ્યાં આપણી જ્ઞાતિ વસે છે ત્યાં દરેક ગામમાં જ્ઞાતિના મહાજનો, દેરાસરો અને સંસ્થાઓ છે. લોકશાહી ઢબે આ મહાજનો અને બીજી સંસ્થાઓનો વહીવટ ચુંટાયેલા ટ્રસ્ટીઓ અને પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવે છે.

આપણા દેરાસરોમાં અને મહાજનોના કાર્યાલયમાં જૈન ધર્મને લગતો અમુલ્ય વારસો સચવાયેલો હશે. આ અમુલ્ય ખજાનામાં દુર્લભ તામ્રપત્રો, જૈન ગ્રંથો, આગમો, કલ્પસુત્રો, ચિત્રકામો, મહારાજ સાહેબોના, ટ્રસ્ટીઓના ફોટાઓ, લખાણો, નોંધો, માલિકીના દસ્તાવેજો, સોના-ચાંદીના આભુષણો, સપનાઓ વગેરે હશે.

શું આપણી પાસે આ અમુલ્ય ખજાનાના સુચીપત્રો (લીસ્ટ) અને એને લગતી નોંધો વ્યવસ્થીત રીતે સંગ્રહ કરવામાં આવી છે. ? અમુલ્ય ખજાનાની સાચવણી બરાબર થઈ રહી છે. ? આ અમુલ્ય ખજાનાની માહિતી કોને કોને ખબર છે?

મહાજનો અને ટ્રસ્ટીઓ, જ્ઞાતિની અસ્મિતા, ગરીમા, સ્વમાન, ધર્મભાવના અને અર્થ વ્યવસ્થાના રખેવાળો છે.

હવે મુદ્દાની વાત.. કોઈની નિષ્ઠા ઉપર શંકા કરવાની વાત નથી પણ પદ અને પૈસૌ ભલભલાને અહંકારી અને લાલચી બનાવે છે અને આ કારણે સામાજિક / ધાર્મિક સંસ્થાઓના વહીવટ તરફ અંગુલી નિર્દેશ થાય છે. ભલભલા માંધાતાઓને પદ અને પૈસાનો મોહ હોય છે.

ઘણી વખત દેરોસરોમાંથી અતિર્દુલભ ચીજો / ગ્રંથો પગ કરી જાય છે આ બાબત ફક્ત અફવા તરીકે રહી છે. કેમકે જ્ઞાતિને ખબર નથી કે ક્યા દેરાસરમાં કયો અને કેવો કિંમતી ખજાનો રહેલો છે.

આવું જ નાણાકીય વ્યવહારોમાં થાય છે. નાની નાની રકમ કરીને લાખો રૂપિયા પગ કરી જાય છે. વર્ષો પહેલા આ લખનારે સાંભળેલું હતું કે સુવર્ણ અક્ષરે લખેલ એક જૈન ધાર્મિક ગ્રંથ પગ કરી ગયો. સંસ્થાના હોદ્દેદારો હવે ધંધાકીય લાભો પણ આ સંસ્થાઓ પાસેથી મેળવે છે એ વાતની નવાઈ નથી.

કદઓ જ્ઞાતિએ એની અસ્મિતા જાળવવી જોઇએ. દરેક સંસ્થાએ દરેકેદરેક જ્ઞાતિજનને ખ્યાલ આવે એ રીતે પોતાની માલ મિલકત અને દુર્લભ જણસોની સુચી (લીસ્ટ) સંસ્થાની જગ્યામાં જાહેરમાં લગાડવી જોઈએ. એક વાતની સો વાત જ્યારે પણ કોઈ સંસ્થામાં પારદર્શિતાનો અભાવ દેખાય ત્યારે કોઈક એક ટ્રસ્ટીએ અની વિરૂધ્ધ અવાજ ઉઠાવવો જરૂરી છે.



દેશના પ્રધાનમંત્રી પોતાને ચોકીદાર તરીકે ઓળખાવે છે અને એ પુરવાર થયું છે. શું જ્ઞાતિના રખેવાળો ચોકીદાર બનશે?

**– ઉદયન લાલજી શાહ**


**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૨, અંક : ૧૨, તા. ૨૦-૦૪-૨૦૨૨**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# મળવા જેવા માણસ...
## CA કુલિનકાંત ચાંપશીભાઈ લુઠીયા (માનવજ્યોત)



કોઈક મેડીકલ કેમ્પ હોય, રક્તદાન શિબીર હોય ત્યાં જો તમને જબ્બા-લેંગામાં સજ્જ વ્યક્તિ જેના ખભે થેલો હોય અને અવિરત સ્મિત કરતા જોવા મળે તો એ સજ્જન શ્રી કુલિનકાંત લુઠીયા સિવાય બીજો કોઈ ન હોય.

મેં અનેક દયાળુ વ્યક્તિઓને જોઈ છે કે જેમણે પોતાના જીવનમાં ખૂબ મોટી રકમોના દાન આપ્યા છે અને સમાજ માટે મોટા બલિદાનો પણ આપ્યા છે. પણ આજે હું તમને એવી વ્યક્તિનો પરિચય કરાવીશ કે જેમણે પોતાના કોઈપણ અંગત અપેક્ષા વગર જરૂરતમંદોની મદદમાં, દુ:ખિયારાઓના આંસુ લુછવા તથા સમાજને સહયોગ આપવા માટે પોતાના સંપૂર્ણ જીવનનું બલિદાન આપ્યું છે. આખી ક.દ.ઓ. જ્ઞાતિ એમને સારી રીતે ઓળખે છે એટલે તેમના વિશે લખવું એ મારા માટે મુશ્કેલ પડકાર છે.

શ્રીમતી મણીબેન તથા શ્રી ચાંપશી ખીંયશી લુઠિયાના ઘરે કોચીનમાં કુલિનભાઈનો જન્મ થયો. પ્રાથમિક શિક્ષણ કોચીનમાં લીધા પછી મામાએ મુંબઈ બોલાવ્યા અને કુલિનભાઈએ મેટ્રીક સુધીનો અભ્યાસ ચીંચબંદરની ક.દ.ઓ. શાળામાં પુર્ણ કર્યો. એ પછી કૉલેજમાં સાયન્સના અભ્યાસ માટે કોલકતા (કલકત્તા) ગયા. એમને એન્જિનિયરીંગનો અભ્યાસ કરવો હતો તેથી મુંબઈ પરત આવીને સોમૈયા કૉલેજમાં સ્વ. પુનશી દામજી ખોનાના સહયોગથી પ્રવેશ મેળવ્યો. એમને ઓછા માર્ક્સ મળ્યા હતા તેથી ડીગ્રી કોર્સમાં એડમિશન ન મળ્યું એટલે તેઓ એન્જિનીયરીંગ ડિપ્લોમા કોર્સમાં જોડાયા પણ જેમાં તેઓ ડ્રોઈંગ વિષયમાં નાપાસ થયા. કુલિનભાઈએ સમયે વી.એલ. વિદ્યાર્થીગૃહમાં રહેતા હતા. જ્યાં ગૃહપતિ શ્રી તુલસીદાસ શાહે તેમને જીસીડી કોર્સ કરવા કહ્યું. જીસીડીમાં ખુબજ સારા માર્ક્સ મળ્યા. તેથી તેઓ જાણીતી સી.એ. ફર્મ મે. દલાલ દેસાઈ એન્ડ કું.માં આર્ટીકલશીપ કરવા માટે ચાર વર્ષ માટે જોડાઈ ગયા. કન્યાછાત્રાલયના ગૃહમાતા સ્વ. પ્રજ્ઞાબેન શેરદલાલની મદદથી સી.એ. ફર્મમાં પ્રવેશ મેળવ્યો. કુલિનભાઈ ૧૪ વરસ સુધી વી.એલ. વિદ્યાર્થીગૃહમાં રહ્યાં એ દરમ્યાન સંસ્થા માટે ફંડ એકિત્રત કરવા, સંસ્થાનો હિસાબ કિતાબ રાખવો જેવા રોજિંદા કાર્યોમાં ઉપયોગી બની રહ્યાં અને અહિંયાથી જ તેમને સમાજના જરૂરતમંદોને મદદરૂપ થવાનો વિચાર આવ્યો જેને તેમણે અમલમાં મુક્યો.

કુલિનભાઈ વી.એલ. વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટી રહેલા સ્વ. શ્રી જવેરચંદ પદમશી લોડાયા. સ્વ. શ્રી લક્ષ્મીચંદ લાલજી રામજી, સ્વ. શ્રી મેઘજી વેલજી મોતા, સ્વ. શ્રી શિવજી કુંવરજી વિકમશી તથા અન્ય સર્વે ટ્રસ્ટીશ્રીઓનો આભાર માને છે. આવો, તેમની પાસેથી જ તેમના જીવન વિશે વધુ જાણીએ.

**પ્ર.સ.:** તમોએ સી.એ. ક્યારે પુર્ણ કર્યું તથા અભ્યાસ પુર્ણ કર્યા પછી શું કર્યું?

**કુલિનભાઈ :** મે. ૧૯૭૩માં સી.એ. પાસ કર્યું. મેં મારી પ્રેક્ટીસ શરૂ કરી સાથે સાથે બી.એસ.ઈ.એસ.માં મને નોકરી પણ મળી ગઈ. નોકરીની સાથે પાર્ટટાઈમ પ્રેક્ટીસ પણ ચાલુ રહી. હું ૧૯૮૫માં શ્રી સુરેશ ગીરધરલાલ શાહને મળ્યો અને એ પછી અમે બન્નેએ સાથે મળી લુઠીયા એન્ડ શાહ ફર્મનો પ્રારંભ કર્યો. હું તે સમયે પણ સમાજસેવામાં સક્રિય હતો અને મારા પાર્ટનર શ્રી સુરેશભાઈ પણ દયાળુ હૃદયના હતા તેથી મને સમાજસેવા માટે સમય મળતો રહ્યો. ધીમેધીમે હું પુર્ણ સમય માટે સમાજસેવા તરફ વળ્યો અને સુરેશભાઈ આજે પણ મને તેમનો ભાગીદાર સમજે છે.

**પ્ર.સ.:** સામાજિક સેવાઓના ક્ષેત્રમાં આપની યાત્રા વિશે કશુંક કહેશો?

**કુલિનભાઈ :** સમાજસેવાની યાત્રાની શરૂઆત ખરેખર તો વી.એલ. વિદ્યાર્થીગૃહમાંથી જ થઈ ગઈ હતી. જેમાં મિત્રોને તેમના કાર્યમાં મદદરૂપ થવાનું રહેતું હતું. જ્યારે મેં પુર્ણ સમય માટે સમાજસેવામાં જોડાઈ જવાનું નક્કી કર્યું ત્યારે નારાયણ સેવા સંઘમાં છ વરસ સુધી તેમની પ્રવૃત્તિઓમાં મદદરૂપ થવાનું શરૂ કર્યું. ૧૯૯૧માં મેં જીવનજ્યોતની સ્થાપના શ્રી વલ્લભજી ડુંગરશી શાહ, શ્રી રસીકલાલ ન્યાલચંદ દોશી તથા અન્ય મિત્રોના સહયોગથી કરી. ૧૯૮૫થી હું મારો પુર્ણ સમય સામાજીક સેવાઓ માટે આપું છું.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

**પ્ર.સ.:** મુંબઈમાં બધા જાણે છે કે કુલિનભાઈ અને માનવજ્યોત મેડીકલ સહાય, બ્લડ, દવાઓ વગેરે માટે ચોવીસે કલાક હાજર જ છે છતાં પણ માનવ જ્યોત વિશે આપ શું કહેશો?

**કુલિનભાઈ :** માનવ જ્યોત સમાજના ઉત્કર્ષ માટે જરૂરી પ્રવૃત્તિઓ સતત કરતું રહે છે. અમે રક્તદાન શિબીર, ડેન્ટલ ચેકઅપ કેમ્પ, આઈ કેમ્પ, મોતીબિંદુ ઓપરેશન, વિકલાંગ માટે જીવનસાથી, સિનીયર સીટીઝન કાર્ડ, ન વપરાયેલી દવાઓનું કલેક્શન અને જરૂરતમંદોને વિતરણ, વ્હીલચેર, મેડીકલ બેડ તથા અન્ય જરૂરી ઉપકરણો ઓછા ભાડાથી આપવા, ચક્ષુદાન મેળવવા, દર્દીને જરૂરી લોહી મેળવી આપવું, જરૂરતમંદ દર્દીને ઑપરેશન માટે નાની મોટી મદદ કરવી. બાળકો દત્તક લેવા, બિનવારસી શબોનું દહન કરવું તથા અન્ય જરૂરી સેવાની પ્રવૃત્તિઓ માનવ જ્યોત કરી રહ્યું છે.

અમોએ રક્ત દાતાઓનું લીસ્ટ પ્રકાશિત કર્યું છે તેમજ 'ગાઈડ ટુ સોશિયલ વર્ક-મુંબઈ' નામની પુસ્તિકા અંગ્રેજી, ગુજરાતી અને મરાઠીમાં પ્રકાશિત કરી છે.

**પ્ર.સ.:** કુલિનભાઈ, આટલી વિવિધ પ્રવૃત્તિઓ તમે મર્યાદિત કર્મચારીઓ અને મર્યાદિત ભંડોળ હોવા છતા કઈ રીતે ચલાવી રહ્યા છો?

**કુલિનભાઈ :** ઈશ્વરકૃપાએ સારા દાતાઓ મળતા રહે છે. હું માનું છું કે દરેક મનુષ્યના હૃદયમાં જરૂરતમંદો માટે કરૂણાનો ભાવ હોય છે. આપણે સાચો દરવાજો ખટખટાવશું તો તે હૃદય જરૂર ખુલશે. આપણે પ્રયત્ન કરતા રહેવું જોઈએ અને નિરાશ ન થવું જોઈએ.

**પ્ર.સ.:** આ બધી સેવા પ્રવૃત્તિઓમાં તમારા મુખ્ય આધાર સ્તંભ કોણ કોણ છે?

**કુલિનભાઈ :** બધા દાતાશ્રીઓ, મારા સહયોગીઓ અને માનવ જ્યોતના ટ્રસ્ટીશ્રીઓ મારા આધાર સ્તંભો છે. મારા બે મુખ્ય સ્તંભોમાં એક છે મારી ધર્મપત્ની હીરા, જેણે મને હંમેશા સપોર્ટ આપ્યો છે અને મને ઉપાર્જન કરવાને બદલે સેવા કરવાની પરવાનગી આપી છે. અને બીજા છે મારા ભાગીદાર સુરેશ ગીરધરલાલ શાહ કે જેઓ સાડત્રીસ વરસથી મારી સાથે અડીખમ ઉભા છે.

**પ્ર.સ.:** યુવાવર્ગ માટે તમારો સંદેશ?

**કુલિનભાઈ :** બધા યુવાનોએ સમાજસેવા માટે આગળ આવવું જોઈએ. દરેક જ્ઞાતિ સમાજ તથા દેશમાં જરૂરતમંદ વર્ગ હોવાનો જ અને યુવાનોએ તેમને મદદરૂપ થવા પોતાની વ્યસ્તતામાંથી થોડોક સમય આ માટે ફાળવવો જોઈએ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એડવોકેટ્સ, સોલીસીટર્સ જેવા મારા બધા વ્યવસાયિક મિત્રોને વિનંતી કરીશ કે તમે પણ સમાજસેવામાં યોગદાન આપો. તમારી આવક કે મિલકતમાંથી થોડોક ભાગ ભગવાનનો કાઢો અને તમારા ભાઈ-બહેનોની સુખાકારી માટે દાન આપો. ઈશ્વરે તમારા ઉપર કરેલી કૃપાને અન્યો સાથે વહેંચો તો ખુબજ આત્મસંતોષ મળશે.

**પ્ર.સ.:** કુલિનભાઈ, સુંદર માહિતી તથા પ્રેરક વિચારો બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

**- ડૉ. હીરાચંદ દંડ**


Exclusive Embroidery & Upto date Finishing

જીઓ જ્યોતિ *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 **Sunday Closed**

Online Shopping via WhatsApp available. By appointment only.

Originally at Zaveri Bazar since 1976 Follow us on


શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઈ

**Shree K.D.O. Students Association**

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

To,
The Members,
Shree K.D.O Students Association

**Subject :- Notice of Annual General Meeting**

To Members,

Annual General Meeting of the the Vidhyarthi Sangh will be held on Tuesday 3rd May at 8.00 pm at Gurukul School, Ghatkopar East, Mumbai to consider the following Agenda:

1. Approving Previous Annual General Meeting Minutes.
2. Approval of Accounts For the Year 2019-20, 2020-21, 2021-22
3. Any Other Points with the permission of chair person

Note: If required quorum will not be there at 8.00 pm the meeting will be adjourned for 30 minutes. At the adjourned meeting no quorum will be required.

**Follow us on #SHREEKDOVS**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**



# ચલતે... ચલતે...

સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

ભાગ - ૦૮

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭






પ્ર.સા.નાં અંક નં.-૮માં શ્રી મહેશ મોતા "આંતરરાષ્ટ્રીય મહિલા દિન" લેખ લખેલ તેમાં ક.દ.ઓ. ની નારીશક્તિની સફળ ગાથાનું વર્ણન કરેલ, વાંચીને લગેલું કે કે.ડી.ઓ. નારી "ભી કુછ કમ નહીં..."

આજે નાનપણમાં જ પિતાશ્રી મણીલાલ દેવશી લોડાયા (નલિયા-ઘાટકોપર)ની છત્રછાયા ગુમાવી, ઈ.સ. ૧૯૭૬માં માતુશ્રી જયાબેન લોડાયાની કુખે જન્મેલા શ્રીમતી નીલમબેન હીરાચંદ મૈશેરીની સંઘર્ષ ભરેલી પણ તેમણે જોયેલાં સ્વપનાને સ્વબળે સાકાર કરતી અત્યાર સુધીની જીવનયાત્રાનાં કેટલાક અંશો ને ઉજાગર કરવા છે.

ઘાટકોપરમાં શ્રી ધનજી દેવશી રાષ્ટ્રીય શાળાનું અનોખું નામ, ત્યાં ધો.-૧૧ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. ભણવામાં તો અવલ નંબર હાથથી છટકી જતો, પણ વાર્ષિકોત્સવમાં નાટકની વાત આવે એટલે પુછવું જ શું ? ઘાટકોપરમાં આવેલ જૈન મંદિરમાં પણ પર્યુષણ દરમ્યાન ધાર્મિક અને સામાજિક નાટકો ચાર્તુમાસમાં બિરાજમાન પુ. સાધ્વી ભગવંતોની નિશ્રામાં ભજવતાં.

૨૧ વર્ષની વયે પ્રભુતામાં પગલાં પાડી દામ્પત્ય જીવનની એક સામાન્ય નારીની માફક જીવનની ઘટમાળમાં પરોવાઈ ગયા.

વર્ષ ૨૦૧૪માં તેમનો નાટકનો શોખ તેમને ફિલ્મમાં કામ કરવા કામ આવ્યો. જુદા જુદા સ્ટુડીયોમાં ચક્કર લગાવતાં મરાઠી પિક્ચર "ભુતાચા હનીમુન"માં ભરત જાદવ અને રૂચા જાદવ સાથે પર્દાપણ કર્યું. અહીં મેં સવાલ કરેલો કે "એક ક.દ.ઓ. નારી તેને મરાઠી ફિલ્મમાં કામ કરવા કુટુંબીજનો તરફથી....?" મારી વાતને અડધેથી જ કાપતા કહ્યું - "મારા પરદાદા સસરાજી ખીંયશી મૈશેરીના સમગ્ર પરિવારનો મને સુંદર સહકાર પ્રાપ્ત થયેલ. મારા પતિ શ્રી હીરાચંદ મને પ્રોત્સાહિત કરતા રહ્યા.

**કારકિર્દી :** (૧) પ્રતિક થિયેટર "આફટર ધ બ્લાસ્ટ-૨૫ શો", (૨) કલર્સ ગુજરાતી ચેનલ પર "૧૭૬૦ સાસુમાં" કેતકી દવે-દેવયાની પટેલ સાથે ૩૨૦ શો, (૩) મરાઠી પિક્ચર "તાત્યા લહાને"માં મકરંદ નાનાસપુરે અને અલ્કા કુંબલ સાથે તેમજ નાના-મોટા રોલ અનેક નાટકોમાં કર્યા.

છેલ્લા ૭ વર્ષથી ગુજરાતી, મરાઠી, હિન્દી ભાષાની કેટલીક ફિલ્મોમાં ડબીંગ ક્ષેત્રે પણ કાર્યરત છું.

"ફિલ્મનું જ્યારે શુટિંગ થતું હોય, ત્યારે તેમાં "લોકેશન" ઉપર ઘણા બધા અવાજો ફિલ્મની પટ્ટીપર નોંધાય છે. મુખ્ય કલાકારોને પોતાના અવાજો ડબીંગ કરવા સ્ટુડિયોમાં પધારવું પડે, જ્યારે કેટલાક નાના કલાકારોનાં ડબીંગ કરવા અમને તક પ્રાપ્ત થાય, મહેનતાણાં રૂપે રૂા. ૨૫૦૦ થી રૂા. ૫૦૦૦ મળે.

મારો સવાલ- " પ્ર.સા.નાં વાચકોને તમારો સંદેશ."

નીલમબેન : આજે નાટ્ય એકેડેમી તથા વૉઈસ એકેડેમી, આ ક્ષેત્રમાં ઈચ્છુક સ્થાન મેળવી શકે તે માટે એકાદ બે વર્ષનો કોસ કરાવે છે. કેટલીક એકેડેમીમાં ઈચ્છુક પાસ થાય ત્યારે કેમ્પસ ઈન્ટરવ્યું પણ ગોઠવાય છે.

આ ક્ષેત્રમાં કામ કરવા માટે મહેનત, આત્મવિશ્વાસ, રીયાઝ, ધગશની જરૂરત છે અને શરૂઆતમાં થોડા ધક્કા ખાવાની....

પ્ર.સા.નાં કોઈ પણ વાંચકને માર્ગદર્શનની જરૂરત હોય તો ઉઠાવે મોબાઈલ અને લગાડે નંબર : ૮૬૫૫૬ ૧૧૪૪૨.




(૧) ડબીંગ માટે સ્ટુડિયોની મુલાકાત, (૨) મરાઠી પિક્ચર "તાત્યા લહાને"માં,
(૩) "કાશીબાઈ" છત્રપતિ શિવાજી નાટકમાં, (૪) "૧૭૬૦ સાસુમાં"નાટકમાં.

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : પ્રવિણ માણેકજી મૈશેરી - નાની સિંધોડી (રાયપુર), મહાવીર ટ્રેડીંગ કાં.


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189

**આરોગ્ય પ્રકાશ**

# હૃદયને તંદુરસ્ત રાખીએ અને હૃદયરોગથી બચીએ

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



હાલમાં મૃત્યુનું મુખ્ય કારણ હૃદયરોગ એટલે કે હાર્ટએટેક છે. અને હાર્ટએટેક નાની ઉંમરનાને પણ આવી જાય છે તેથી જ હૃદયની તંદુરસ્તી માટે આપણે સજાગ બનીએ. અયોગ્ય આરોગ્ય શૈલી અને બેઠાડુ જીવન એ હૃદય માટે ખૂબ જ જોખમી છે. આ માટે બેઠાડુ જીવન ત્યજી અને નિયમિત વ્યાયામ કરીએ. માનસિક તણાવ પણ હૃદયરોગમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. તણાવ દૂર કરવા રોજ ધ્યાન, યોગ કરીએ, દિવસ દરમ્યાન થોડો સમય મનોરંજન માટે જરૂર રાખીએ. સુતા પહેલા પોતાનું મનપસંદ હળવુ સંગીત સાંભળવાથી મન પર તનાવ ઘટે છે. મન હળવાશ અનુભવે છે અને તેથી ઉંઘ પણ સારી આવે છે. આહારમાં ફળ અને શાકભાજીનું પ્રમાણ જેટલું વધુ તેટલું હૃદય માટે લાભકારી, તેથી જ સવાર-સાંજ આહારમાં ફળ અને શાકભાજીને ભરપૂર સ્થાન આપો.

**હૃદયને લાભકારી થાય તેવા નિયમો ને અનુસરો :**

**(૧) આચાર :**

૧) મોડે સુધી રાત્રે જાગવાનું ટાળો, મોડામાં મોડું ૧૧ વાગે સુવું ખૂબજ જરૂરી રાતના ૧૧ થી ૨ દરમ્યાન આપણું લીવર શરીરમાં રહેલ ટોક્સીનને બહાર કાઢવાનું કામ કરે છે. અને લીવર પોતાને રીપેર કરી લે છે, મોડા સુવાથી આ ક્રિયામાં ખલેલ પડે છે.

૨) બીડી, સિગરેટ, તમાકુ, દારૂ વગેરે વ્યસનથી દૂર રહો.

૩) યુવાન વયથી જ હૃદયની નસો સાંકડી થવાની પ્રક્રિયા વત્તાઓછા પ્રમાણમાં શરૂ થઈ જાય છે એટલે જો માતા-પિતા આ નિયમોને અનુસરસે તો બાળકોને નાનપણથી જ આ નિયમોને અનુસરવાના સંસ્કાર મળશે.

**(૨) વિચાર :**

૧) માનસિક તાણ એ આધુનિક યુગમાં સામાન્ય બાબત બની ગઈ છે. બાળકો શિક્ષણમાં અને યુવાનો નોકરી-ધંધામાં સ્પર્ધાત્મક કસોટીમાં સપડાયેલા છે. ભાગ્યે જ કોઈ તેનાથી બચી શકે તેમ છે તેથી અનેકવિધ માનસિક તાણ છતાં શાંત ચિત્તે રહેતાં શીખવું જરૂરી છે અને તે માટે સત્સંગ, સારા વિચારો, હકારાત્મક વિચારો (Positive thinking) ઉચ્ચ કોટીનું સાહિત્ય વાંચન, સવાસન, ધ્યાન ધાર્મિક સંસ્કારનો આશ્રય લેવાથી ફાયદો થાય.

૨) ગુસ્સો, ઈર્ષ્યા ઘટાડો, શાંતિ સમતા અને ક્ષમાના ભાવ રાખવા.

**૩) આહાર :**

૧) વજનને કંટ્રોલમાં રાખવું, આહારમાં ચરબીનું પ્રમાણ ઘટાડવું, વધુ પડતું ખારું કે ગળ્યું ખાવાથી પણ વજન વધે એ ધ્યાનમાં લેવું. તળેલું, અન્ન, ફરસાણનો ત્યાગ કરવો.

૨) જંક ફૂડ, બજારુ ખોરાક, તૈયાર પેકેટ, ઠંડા પીણા, મેદાની બનેલી વસ્તુઓ વગેરેનો ત્યાગ કરવો.

૩) જમતી વખતે પેટ ભરીને ન ખાવું, થોડુ ખાલી રાખવું જરૂરી.

**૪) વિહાર :**

૧) બેઠાડુ જીવન ત્યજો, નિયમિત ચાલવું. (૨) શક્ય હોય તેવી કસરત દરરોજ કરવી (૩)વધુ આસન કરી શકે તેમ ન હોય તેમણે પ્રાણાયામ, કપાલભાંતિ, અનુલોમ-વિલોમ, 'ૐ' નું ઉચ્ચારણ કરવું. ઓમ્ શબ્દમાં પ્રથમ 'ઓ' શબ્દને લંબાવી મ્ ટૂંકુ અને પછી 'ઓ' શબ્દ ટૂંકો અને મ્ ને લંબાવવું 'મ્' શબ્દનું લંબાણ મનને શાંતિ આપી તનાવને ઘટાડે છે. જે હૃદય માટે ફાયદાકારી.

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**MEDI-CLAIM EXPERT**
**CLAIMS SETTLEMENT**
❖ REJECTED / DELAYED CLAIMS
❖ POLICY FROM ALL COMPANIES COVERED
**CONTACT EXPERT: 9820853112**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા - સુજાપર (ભાંડુપ)**

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ || || શ્રી સુપાર્શ્વનાથાય નમઃ|| || શ્રી કેશરીયા આદિનાથાય નમઃ ||
|| શ્રી નમો નમઃ આર્યરક્ષિત - કલ્યાણ - ગૌતમ - ગુણ - ગુણોદય - કલાપ્રભ - કવિન્દ્ર - વીરભદ્ર - મહોદયસાગરસૂરીભ્યો નમઃ||

# ૪૫૦ વર્ષથી અધિક પ્રાચીન મોડપર તીર્થની નવમી ધ્વજારોહણ - સાલગિરી પ્રસંગે પધારવા ભાવભર્યું

# આમંત્રણમ્

**દિવ્ય આશિષ:** શાસનસમ્રાટ્-રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**
તપચક્રચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**શુભ કૃપા-પ્રેરણા:** મોડપર તીર્થ જીર્ણોધ્ધારક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

**વિધિકાર અને સંગીતકાર:** શ્રી વિક્રમભાઈ મહેતા તથા શ્રી કલ્પેશભાઈ શાહ જામનગરવાળા

## ધ્વજારોહણ-વર્ષગાંઠના કાર્યક્રમની રૂપરેખા

**પ્રથમ દિવસ : સંવત ૨૦૭૮, જેઠ સુદ ૭, સોમવાર, તા. ૦૬-૦૬-૨૦૨૨**

બપોરના ૧ ક. થી ૨ કલાકે : સાધર્મિકભક્તિ
બપોરના ૨.૩૦ કલાકે : અઢાર અભિષેકની ઉછામણીઓ
બપોરે ૩.૦૦ કલાકે : અભિષેક સાંજના ૫.૩૦ કલાકે : ચૌવિહાર
સાંજના ૭.૦૦ કલાકે : ભાવનામાં અષ્ટપ્રકારી પૂજાના ચડાવા તા. ૦૭-૦૬-૨૦૨૨ માટે

**દ્વિતીય દિવસ : સંવત ૨૦૭૮, જેઠ સુદ ૮, મંગળવાર, તા. ૦૭-૦૬-૨૦૨૨**

સવારના ૮.૦૦ કલાકે : નવકારશી
સવારના ૯.૦૦કલાકે : સત્તરભેદી પુજા, શુભ મુહુર્તે ધ્વજારોહણ ઉછામણી-નકરા-ચડાવા, બહુમાન, આરતી, મંગલદીવો
બપોરના ૧.૦૦ કલાકે : સાધર્મિકભક્તિ

## ધ્વજારોહણના લાભાર્થી તેમજ સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવારો

- **તિર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ દાદા જિનાલયની ધ્વજા :**
  શ્રી પાર્શ્વજિન ભક્તિ મંડળ હ. જીવરાજ કીલાચંદ નાગડા (રંગપુર-બોરીવલી)
- **૯૯ ઈંચના વિરાટ શ્રી કેશરીયા આદિનાથ દાદા જિનાલયની ધ્વજા :**
  માતુશ્રી પાનબાઈ લક્ષ્મીચંદ દૌલત પરિવાર હ. શ્રી નરેશ લક્ષ્મીચંદ દૌલત (સેવક ભરૂડીયા-મુલુંડ), શ્રીમતી વર્ષા, પુત્ર ચિ. ધર્મેશ, પુત્રી કુ. કરિશ્મા
- **મોડપર તીર્થ સ્થાપક દાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ગુરૂમંદિર ધ્વજા :**
  માતુશ્રી મોંઘીબેન લાલજી લાલકા પરિવાર હ. અ.સૌ. વિજયાબેન અશોક લાલકા (રંગપુર-વાશી) તથા માતુશ્રી નવલબેન ભાઈચંદ ધરમશી પરિવાર (રંગપુર-ડોંબીવલી) હ. અ.સૌ. ઝરણા નિતીન ધરમશી
- **સંપૂર્ણ સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર :** શ્રીમાન શ્રી વેલજી લીલાધર ધરમશી પરિવાર (રંગપુર)

## વિવિધ ચડાવા-ઉછામણી-નકરાની યાદી

**તા. ૦૬-૦૬-૨૦૨૨ બપોરના ૨.૩૦ કલાકે**

૧) ગંભારામાં મુળનાયક શ્રી સુપાર્શ્વનાથ ભગવાન અને ૪ ભગવાન ૨) રંગમંડપમાં શ્રી મુનીસુવ્રત સ્વામી ૩) રંગમંડપમાં શ્રી વાસુપૂજ્ય સ્વામી ૪) રંગમંડપમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ૫) રંગમંડપમાં શ્રી નેમીનાથ ભગવાન ૬) રંગમંડપમાં શ્રી સરસ્વતીદેવી ૭) રંગમંડપમાં શ્રી મહાકાળીદેવી ૮) રંગમંડપમાં શ્રી ચકેશ્વરી દેવી ૯) રંગમંડપમાં શ્રી પદ્માવતી દેવી ૧૦) દાદા કેશરીયા આદિનાથ દાદા (અલગ જીનાલય) ૧૧) દાદા ગુરૂદેવ કલ્યાણસાગરસૂરીશ્વરજી ગુરૂ મંદીર **અભિષેક દરમ્યાન સુર્ય દર્શન, ચંદ્ર દર્શન, આરતી, મંગલદીવો વિગેરે ચડાવા લેવાશે. ✣ સર્વ સાધારણ ફંડ, મીતી યોજના તેમજ ભોજનશાળામાં દાન સ્વીકારવામાં આવશે.**

**નિમંત્રણ: આ શુભ પ્રસંગે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના સર્વે ભાઈ-બહેનો, સર્વે ગામવાસીઓ-મોવડીઓ, શ્રાવક-શ્રાવિકાઓ સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**દર વર્ષની પ્રણાલિકા, આજુબાજુના ગામવાસીઓને વાહનનું ભાડું શ્રી સંઘ તરફથી ચૂકવી દેવામાં આવશે.**

**લી.**

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રયના ટ્રસ્ટીગણ, કારોબારી અને સલાહકાર સભ્યોના જયજિનેન્દ્ર!**

**સંપર્ક : શ્રી નિતીન ધરમશી મો.: ૯૮૯૨૯ ૫૦૮૧૪ / ૯૦૮૨૭ ૫૮૫૦૮**

UPASANA-9820167767

# મિલે હો તુમ હમકો

સ્મિતાએ કીધું આપણે છેલ્લા ત્રણ વર્ષથી પ્રેમમાં છીયે. પણ લગ્ન વગરની જિંદગીને સંસાર લફરું કહે છે. તેથી આ સબંધને હવે આપણે કાયદેસર સ્વરૂપ આપવા માટે પણ લગ્ન માટે વિચારવું જોઈએ.

તું પણ શહેરની એક મોટી કોર્પોરેટ કંપનીમાં પ્રોડક્શન મેનેજર તરીકે ઘણા સમયથી નોકરી કરે છે. પપ્પા મમ્મીને કહેવામાં હવે મને વાંધો લાગતો નથી.

સ્મિતાના કહેવાથી આજે સ્મિતાના મમ્મી પપ્પા. લગ્ન પહેલા અમારા ઘરની મુલાકાત અને મને મળવા માંગતા હતા તેથી તેઓ અમારા ઘરે આવ્યા હતા. સ્મિતાના પપ્પા મમ્મીની વાંઝણી સલાહોને હું ધ્યાનથી સાંભળતો હતો.

મેં જીવનમાં એક નિયમ બનાવ્યો છે, મને કે મારા પરિવારને વ્યક્તિગત નુકશાન થતું ન હોય ત્યાં સુધી હું સામે પ્રત્યુતર કોઈને આપતો નથી.

સામેની વ્યક્તિને બોલવાનો કે ચાલ રમવા માટે પૂરતો સમય આપું છું. આવી તક આપવાથી જ તમે સામેની વ્યક્તિને ઓળખી શકશો. એટલે મેં સ્મિતાના પપ્પા મમ્મીને શાંતિથી સાંભળવાનું ચાલુ રાખ્યું.

વાતચીત દરમ્યાન તેઓ મારા પપ્પા મમ્મી સામે જોઈ બોલ્યા. ''તમારા પપ્પા મમ્મી તમારી સાથે જ રહે છે?''

મેં કીધું 'ના વડીલ તમે બોલવામાં ભૂલ કરો છો. હું પપ્પા મમ્મી સાથે રહું છું, તેઓ મારી સાથે નહિ. મારી એવી કાબીલીયત કે હેસિયત જ નથી કે હું આવું વિચારી શકું.' સ્મિતાના પપ્પા મારી સામે ઝીણી આંખ કરી બોલ્યા. 'મતલબ તમે લગ્ન પછી પણ સાથે જ રહેવાના છો?' મેં કીધું. 'શરીરમાંથી આત્મા જતો રહે પછી શરીરની કોઈ કિંમત નથી. તેમ મા-બાપ વગરના ઘરની કોઈ કિંમત નથી.'

થોડીવાર પછી સ્મિતાના પપ્પા બોલ્યા 'લગ્ન પછી ઘર નાનું નહિ પડે?' મેં કીધું 'ના મહત્ત્વાકાંક્ષા વધે ત્યારે મહેલ પણ નાના પડે. મારી જરૂરિયાત પ્રમાણે બે બેડરૂમ પૂરતા છે.

સ્મિતાના પપ્પા મમ્મી બોલ્યા. 'અમે થોડો ટેકો કરિયે, તો તમે મોટો ફ્લેટ લેવા તૈયાર થશો ?'

મેં હસતા હસતા કીધું. 'સોરી, હું મારા પગ ઉપર ઉભો છું. મારે કોઈના ટેકાની જરૂર નથી. ટેકો માંગવો જ હોય તો મારો બાપ મારી સામે બેઠો છે. એક મા-બાપ જ એવી વ્યક્તિ છે જે પોતાના ઋણનો બદલો કદી પોતાના સંતાન પાસે માંગતા નથી. છુટાછેડાના કેસમાં પત્ની ભરણપોષણનો દાવો કરે છે પણ મા-બાપને સંતાન જ્યારે તરછોડી દે છે ત્યારે મા-બાપ કદી આવા દાવા ઠોકતા નથી. આ જ પ્રેમની તાકાત છે.' દરિયાની ઊંડાઈ અને મા-બાપના પ્રેમની ઉંચાઈ માપવાનો પ્રયત્ન કરવો ન જોઈએ. કોઈની સાદાઈ કે ગરીબી જોઈ તેને જરૂરિયાતમંદ સમજવાની ભૂલ પણ કદી કરવી ન જોઈએ.

વડીલ તમારી જાણ ખાતર. હું એવી સવારી કદી કરતો જ નથી જેની લગામ કે અંકુશ કોઈ બીજી વ્યક્તિના હાથમાં હોય. હું મારી નાની દુનિયામાં વ્યસ્ત અને મસ્ત છું. સ્વમાન એ મારો શ્વાસ છે. કોઈની મદદ મેળવી હું મારો શ્વાસ રૂંધાવવા માંગતો નથી. પપ્પા મમ્મી મારી સ્વમાન ભરેલ વાતને ગર્વ સાથે સાંભળી રહ્યા હતા.

સ્મિતા ના પપ્પા બોલ્યા. 'સોરી તમને અમારી વાતોથી ખરાબ લાગ્યું હોય તો. બાકી શાંતિથી વિચારીને કહેજો. ઉતાવળ નથી. મેં હસતા હસતા કીધું. 'વડીલ વિચાર તો તમારે કરવાનો છે. તમારે સ્વમાની જમાઈ જોવે છે કે ગરજાવ ?'

ખોટા નિણર્ય લેતી વખતે વિચારવાનો સમય જોઈએ સાચા નિણર્ય સમયે નહિ. ભૂખ લાગે ત્યારે ઉકરડે ભૂંડ મોઢું નાખે સિંહ નહિ. સિંહ ભૂખ્યો હોય તો પણ કોઈનો એઠો શિકાર ખાતો નથી.

સ્મિતાએ આજે મારુ સાચું સ્વરૂપ જોયું. તેને હું તેના મમ્મી પપ્પા સાથે જે રીતે ચર્ચા કરતો હતો એ તેને ગમતું ન હોય તેવું તેનો ચહેરો ચાડી ખાતો હતો. જીવનમાં અમુક સ્પષ્ટતા જો યોગ્ય સમયે નહિ કરીયે તો તેના પરિણામો અયોગ્ય સમયે ભોગવવા તૈયાર રહેવું પડે, તેથી હું આજે સ્પષ્ટ મારા અભિપ્રાય આપી રહ્યો હતો.

આંધળો પ્રેમ વ્યક્તિને નિર્માલ્ય બનાવે. સાચો પ્રેમ વ્યક્તિને સ્વમાની બનતા શીખવાડે. આજે સ્મિતાની કસોટી હતી. તેણે તરફેણ કોની કરવી છે. મારી કે તેના મા-બાપની.

મેં હાથ જોડી સ્મિતાના પપ્પાને કીધું. 'વડીલ, ઈચ્છાઓનું પ્રમાણ જરૂરિયાત કરતા જ્યારે વધી જાય ત્યારે લોભનો જન્મ થાય છે. લોભમાંથી અપેક્ષાઓનો જન્મ થાય છે. અને અપેક્ષાઓ પુરી ન થાય ત્યારે સામેની વ્યક્તિના દોષ દેખાવા લાગે છે. તેના કરતાં આપણી ઈચ્છાઓ ઉપર લગામ રાખી સ્વમાનથી જીવન જીવવું શું ખોટું છે ? જેવો છું, તેવો તમારી સામે બેઠો છું. હજુ ઘણા ખુલાસા પણ સ્મિતા સાથે કરવાના બાકી છે. તમારે નક્કી કરવાનું છે. તમને મારા ભૂતકાળમાં રસ છે. વર્તમાનમાં કે પછી ભવિષ્યમાં.

બીજે દિવસે રવિવાર હતો મેં સ્મિતા ને કીધું, 'આજે ગામડાના મકાનની મુલાકાત લેવાની ઈચ્છા થઈ છે. સ્મિતા મુડમાં ન હતી. છતાં મારી સાથે આવવા તૈયાર થઈ. આખા

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). લયબધ્ધતા જીવનને શાંત બનાવે છે.**

રસ્તામાં કારમાં ટેપ વાગતું રહ્યું પણ તે એક શબ્દ મારી સાથે બોલતી ન હતી. ગઈકાલનો અણગમો હજુ તેના વર્તન ઉપર હતો. કાર ફૂલ સ્પીડે હાઈ વે ઉપરથી ગામડા તરફ વળી. કાર ધૂળ ઉડાડતી ઉડાડતી અંદર અમારા ગામડાના મકાન પાસે આવી મેં ઉભી રાખી.

કંપાઉન્ડ નો ઝાંપો ખોલી અમે અંદર પ્રવેશ્યા. વિશાળ પ્લોટ અને અને મકાન જોઈ સ્મિતાના ચહેરા ઉપર ખુશી આવી..અમે ઘર ખોલી અંદર ગયા...મકાન ના ટેરેસ ઉપર જઈ સ્મિતાને કીધું. 'સ્મિતા આ વિશાળ લીલાછમ ખેતરમાં જ્યાં સુધી તારી નજર પહોંચે છે, ત્યાં સુધીના ખેતરની માલિકી અમારી છે. આ ખેતરનો ફક્ત એક ટુકડો વેચી નાખું તો પણ તારા પપ્પાના ટેકા વગર મોટો ફ્લેટ હું લઈ શકું તેમ છું. વાત સંતોષ અને સ્વમાનની છે.

થોડીવાર પછી. અમે અમારા કંપાઉન્ડના ખૂણામાં દેખાતી ઓરડી તરફ ગયા. ઓરડીનું તાળું ખોલી અંદર ગયા. એક ટેબલ ઉપર બે ફોટા હતા તેને હું પગે લાગી બોલ્યો. 'આ મારા મા-બાપ છે. સ્મિતા આશ્ચર્ય સાથે બોલી તો ઘરે બેઠા એ કોણ છે? મેં કીધું 'એ મારો વર્તમાન છે. આ ફોટા માં દેખાય છે એ મારો ભૂતકાળ છે, અને તું મારુ ભવિષ્ય છે. જો તું મારા ભૂતકાળ અને વર્તમાનને સ્વીકારી શકતી હોય તો આપણે ભવિષ્ય તરફ આગળ વધીયે. નહિતર એક સારા મિત્ર બની વાતને પૂર્ણવિરામ અહીં કરિયે.'

સ્મિતા બોલી, 'સમીર જે હોય તે સીધી વાત કર'. અમે ખાટલા ઉપરથી ધૂળ ઉડાવી બેઠા. મેં કીધું. 'સ્મિતા સાંભળ હું જ્યારે માત્ર એક વર્ષનો હતો ત્યારે તને ફોટામાં જે દેખાય છે એ મારા બાપને ખેતરમાં ઝેરી નાગ પગના અંગૂઠે કરડ્યો. મારી માએ કંઈ પણ વિચાર્યા વગર પપ્પાના પગના અંગુઠામાંથી પોતાના મોઢા વડે ઝેર ખેંચવા પ્રયત્ન કર્યો પણ નાગ કોબ્રા જ હોવો જોઈએ. બન્નેનું સ્થળ ઉપર જ પ્રાણ પંખેરૂ ઉડી ગયું. હું ઝાડ સાથે બાંધેલ હીંચકામાં એકલો રડતો રહ્યો પણ પપ્પા મમ્મી જીવતા હોય તો મારી પાસે આવે ને?'

ગામના લોકો ભેગા થયા. ખેતરના માલિકને જાણ કરી બોલાવ્યા. ખેતરના માલિકે મને હીંચકામાંથી તેડી લીધો. પ્રેમથી ઘરે લઈ ગયા. તેમને કોઈ સંતાન હતું નહીં. કાયદેસર કાર્યવાહી કરી. મને તેમનો સંતાન બનાવ્યો. સ્મિતાએ વ્યક્તિ કોઈ બીજું નહિ. આપણા ઘરે બેઠેલ દેવ સમકક્ષ વ્યક્તિ છે. જેને હું પપ્પા કહું છું. આ ખેતર આ મકાન પણ તેમની માલિકીનું જ છે. જે ગયા વર્ષે જ તેને મારા નામે કરી દીધું છે. જે વ્યક્તિએ રસ્તા ઉપર પડેલ પત્થરને મૂર્તિ બનાવવાનું કામ કર્યું છે એ શિલ્પકારની આંગળી છોડાવી હું ભાગુ તેવો નગુણો નથી.

સ્મિતા મારા મા-બાપ તો ખેત મજૂર હતા. મને પણ આ હકીકત થોડા સમય પહેલા ખબર પડી. એક દિવસ પપ્પાએ મને બાજુમાં બેસાડી સત્ય હકીકત જણાવી. મને તો મારા મા-બાપનો ચહેરો પણ યાદ ન હતો. પણ મારી સામે જ ઈશ્વર બેઠા હતા. આજના દિવસ સુધી હું પાલક પુત્ર છું. તેવો મને અહેસાસ નથી કરાવ્યો.

સ્મિતા આપણે ભગવાનને મંદિરમાં શોધીએ છીએ. ભગવાન મંદિરમાં નથી. લોકોના દિલમાં બેઠો છે. આપણી તકલીફના સમયે સામેની વ્યક્તિમાં કરૂણા અને પ્રેમ જાગૃત થાય તો સમજી લ્યો એ વ્યક્તિમાં ઈશ્વરનો પ્રવેશ થયો છે. અને જે વ્યક્તિમાં ઈશ્વરનો પ્રવેશ થાય તે કેટલો પવિત્ર હોય તે તું સમજી શકે છે

આ મારી દુઃખ ભરી કહાની છે. સ્મિતાની આંખો ભીની હતી. મેં કીધું હવે તું તારો નિણર્ય લેવા મુક્ત છે. કદાચ જીવનસાથી ન બનીએ તો દુઃખ નથી પણ આપણે સારા મિત્ર તો જરૂર બનશું.

સ્મિતા બોલી 'સાચું કહું સમીર તારા ભૂતકાળની તો આજે મને ખબર પડી. પણ પપ્પા એ તારા ઘરેથી આવી મને કીધું હતું. સંસારમાં દહેજ માટે લોભિયા અને સ્વમાન વગરના લોકોની ફોજ મેં જોઇ છે. મેં તો માત્ર ચકાસવા માટે જ ટેકા કે મદદ ની વાત કરી હતી. ખરેખર તો તું નહિ અમે પણ નસીબદાર છીયે કે સમીર જેવો જમાઇ અમને મળશે.

સ્મિતા આનંદ સાથે ઉભી થઇ. મારો હાથ પકડી ગાવા લાગી. **मिले हो तुम हमको बड़े नसीबों से..**

**- વોટ્સએપમાંથી સાભાર**

# અનુમોદના

**ક.દ.ઓ. જૈન સંઘ ખંડવા મુકામે પ.પૂ.ગુરૂમૈયા મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી દાતા પરિવાર પ.પૂ. માતુશ્રી ધનબાઈ શિવજી લોડાયા અને વિજય શિવજી લોડાયાના પુણ્ય સ્મરણાર્થે તથા શ્રીમતી તરૂલતા વિજયની નવપદની ઓળીની પૂર્ણાહુતિ તેમજ ચિ.મેઘનાની અષ્ટાપદજી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે હસ્તે શ્રી હરીશ શિવજી લોકેશ વિજય તથા પ્રપૌત્ર ચિ. હિતાર્થ લોકેશ લોડાયા સમસ્ત પરિવારે (ગામ નલીયા હાલ ઇટારસી) ચૈત્ર માસની શાશ્વતી નવપદની આયંબિલની ઓળી કરાવવાનો લાભ લીધો જેમાં ૨૭ ભાગ્યશાળીઓએ સંપૂર્ણ ઓળીનો તથા ૨૭૧ ભાગ્યશાળીઓએ આયંબિલનો લાભ લીધો.**

**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૨૦-૪-૨૦૨૨

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | | ૫ | | ૬ |
| | ૭ | | | | | | ૮ | | ૯ | |
| ૧૦ | | | | ૧૧ | | | | | ૧૨ | |
| | | | ૧૩ | | | | | ૧૪ | | |
| ૧૫ | ૧૬ | ૧૭ | | | | ૧૮ | | | ૧૯ | ૨૦ |
| | ૨૧ | | | ૨૨ | | | | ૨૩ | | |
| ૨૪ | | | ૨૫ | | | ૨૬ | | | | |
| ૨૭ | | | ૨૮ | | ૨૯ | | | ૩૦ | ૩૧ | |
| | | ૩૨ | | | | | ૩૩ | | | |
| ૩૪ | | | | | ૩૫ | ૩૬ | | ૩૭ | | |
| ૩૮ | | | | | | ૩૯ | | | | |

**આડી ચાવીઓ :**

૧) શેનામાં સોનાની મહોર નાખી પેથડ શાહ એ પ્રભાવના કરી (૨)
૩) આ તીર્થંકરના પાંચે કલ્યાણકો ચાતુર્માસમાં થયા છે (૪)
૭) સુવિધિનાથનું લાંછન (૩)
૮) જેનામાં ચક્રવર્તીઓ કરતાં અડધું બળ હોય છે. (૪)
૧૦) .... મોરા ગજ થકી નીચે ઉતરો (૨)
૧૧) ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૪)
૧૨) વિમલનાથનો બુધ .... હોય (૨)
૧૩) સુમતીનાથનું પાલીતાણાની પંચતીથીમાં આવતું ગામ (૩)
૧૪) પૂજનો કરાવનાર ..... કાર (૨)
૧૫) ગુજરાતનું સુમતીનાથનું તીર્થ (૩)
૧૮) મુમુક્ષો દીક્ષા પછી ધવલ રંગના .... અંગીકાર કરે (૨)
૧૯) રંગે રમે આનંદ 'રમે આજ ... દેવીઓ રંગે રમે (૨)
૨૧) દિવાળી પછી શત્રુંજય ઉપર દાદાની પૂજા કરવા ... અપાય છે (૨)
૨૨) શત્રુંજય ઉપર છ ગાઉની યાત્રામાં આવતી તલાવડી (૩)
૨૩) સમાવસરણમાં પશુપક્ષીઓ ... ગઢમાં બેસે છે. (૩)
૨૪) શાહપુરમાં ગણીવાર દર્શન આપે છે. (૨)
૨૬) તિર્થંકરનું એક પ્રાતિહાર્ય (૨)
૨૭) ગુજરાતના આ જીલ્લામાં ભદ્રેશ્વરનું તીર્થ આવેલ છે (૨)
૨૮) જીનાલયના આર્કીટેક્ટ (૪)
૩૦) ગુરૂદેવો પોતાના શિષ્યોને આપે (૩)
૩૩) મલ્લીનાથ ... તીર્થંકર હતા (૧)
૩૫) જીવન ઉત્પન્ન થવાના સ્થાન રૂપે ... ૮૪ લાખ છે (૨)
૩૭) એક તપ (૩)
૩૮) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૫)
૩૯) હમણાં મહાવિદેહ ક્ષેત્રમાં ... વિહરમાન ભગવંતો વિચરે છે (૨)

**ઊભી ચાવીઓ :**

૨) કચ્છના એક ગામમાં આવેલ ચંદ્રપ્રભુનું જીનાલય (૩)
૩) બલસાણા પાસે આવેલ એક તીર્થ (૨)
૪) આદેશ્વરના પિતાનું નામ (૪)
૫) ... પૂજ્ય બારમા તીર્થંકરના પિતાનું નામ (૨)
૬) નવાકર્મના બંધને રોકનારી આત્મશક્તિ (૩)
૮) નવી મુંબઇના પરામાં મહાવીર સ્વામીનું જીનાલય આવેલ છે (૨)
૯) ઈશ્વર (૫)
૧૦) શત્રુંજય ઉપર પાંચ ... આવેલ છે (૩)
૧૧) દેરાસરમાં વપરાતી એક સામગ્રી (૪)
૧૬) જૈનોનો એક ફિરકો (૪)
૧૭) વર્ષીતપનું પારણું શેરડીના... થી થાય (૨)
૧૮) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪)
૨૦) બલદેવનો ... સફેદ હોય (૨)
૨૪) દેવીઓને નથણી ... ઉપર પહેરાવાય (૨)
૨૫) આયંબિલની ઓળીનો મહિનો (૨)
૨૯) આ શ્રાવકનું સામાયિક વખણાય (૩)
૩૧) છ ખંડના માલિક હોય (૪)
૩૨) એક અનંતકાય (૩)
૩૪) પાપ કર્મનું એક ઉદય સ્થાન (૨)
૩૬) એક તપ (૨)

**ધર્મસંદેશ - ૫.૪ ૨૦૨૨ના જવાબો : આડી ચાવીઓ :** (૧)ઐરાવત (૪)અદબદજી (૭)દસ (૯)ત્રણ (૧૦)વાડ (૧૧)છાણી (૧૨)વહી (૧૪)પરિકર (૧૫)લોક (૧૬)રાગ (૧૭)સો (૧૮)યશોવિજયજી (૨૦)નેમી (૨૧)મોક્ષ (૨૨)નામ (૨૩)ઘાતી (૨૪)દાદા (૨૬)શાલીભદ્ર (૨૮)લાયજા (૨૯)બે (૩૦)વિગઈ. **ઊભી ચાવીઓ :** (૨)રાવણ (૩)તરપણી (૪)અમમ (૫)બદનાવર (૬)દસ (૮)પુંડરીક સ્વામી (૯)ત્રસ (૧૩)મૃગ (૧૪)પલ્લવીયા (૧૬)રાઈ (૧૮)યક્ષ (૧૯)યશોદા (૨૦)નેમ (૨૧)મોતીશા (૨૨)નાડલાઈ (૨૫)અજારા (૨૭)ભય.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### તિરૂપુરમાં જિન બિમ્બોની પ્રતિષ્ઠા

તિરૂપુર નગરે તા. ૧૦ એપ્રિલના જિન બિમ્બ ભગવાન મહાવીર અને ભગવાન નેમિનાથ સ્વામીના સુંદર જિન બિમ્બોની પ્રતિષ્ઠા થઈ. બંને તીર્થંકર ભગવાનોની આ પ્રતિમાજીની સ્થાપના શુક્રવાર તા. ૮ એપ્રિલ ૨૦૨૨ના રોજ યોજવામાં આવી હતી.

### પ.પૂ. સાધ્વીશ્રી જય દર્શિતાશ્રીજી મ.સા.

પ.પૂ. સાધ્વીશ્રી જય દર્શિતાશ્રીજી મ.સા. આદિઠાણા બેના આ વરસના ચાતુર્માસ ખંડવા મ.પ્ર. નગરે નિર્ધારિત કરાયા છે.

### ચાતુર્માસ વિજ્ઞપ્તિ

પ.પૂ. ગણિવર્ય ઉદયસાગરજી મ.સા.-શ્રી દક્ષિણ મુંબઈ સંઘ, પ.પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.-શ્રી યવતમાલ સંઘ, પ.પૂ. સાધ્વીશ્રી નયનદર્શનાશ્રીજી મ.સા.-શ્રી સાંતાક્રુઝ વેસ્ટ સંઘ, પ.પૂ.સા. જગતત્રયાશ્રીજી મ.સા.-શ્રી કોઠારા સંઘ, પ.પૂ.સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા.-શ્રી તેરા તીર્થ.

પ.પૂ. સાધ્વીજી શ્રી સંયમગુણા શ્રી જી મ.સા. આદિ ઠાણા ૦૪ મલકાપુર ખાતે શાતાપુર્વક બિરાજમાન છે, પુજ્યશ્રીની અહીં થોડા દિવસ સ્થિરતા રહેશે. પુજ્યશ્રીનું આગામી ચાતુર્માસ યવતમાલ ખાતે છે. પ્રવેશ : તા. ૦૪ જુલાઈ,૨૦૨૨.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-અમદાવાદ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-અમદાવાદની સુવર્ણજયંતી પ્રસંગે સન્માનોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ ખાતે એક વિવિધલક્ષી કે.ડી.ઓ. ભવનના નિર્માણનું બીજારોપણ પણ થયું. અમદાવાદ મહાજનના પ્રમુખ જીતેન્દ્રભાઈ ખોનાએ અતિથીઓનું સ્વાગત કર્યું હતું. જ્યારે માનદ્‌મંત્રી રાજેશ ધરમશીએ મહાજનના વિવિધ ઉદ્દેશ્યો માટે એક ભવનની જરૂરિયાત વિશે રજુઆત માંડી હતી. જ્ઞાતિના ઉપસ્થિત અગ્રણીઓએ સહકાર આપવાની ખાતરી આપી હતી.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

છત્તીસગઢની રાજધાની રાયપુર નગરે શ્રી સકલ જૈન શ્રી સંઘ દ્વારા ૨૬૨૧મું ભગવાન મહાવીર જન્મકલ્યાણક ભવ્યાતિભવ્ય ૧૬ દિવસીય મહોત્સવ તા. ૩૦.૦૩.૨૦૨૨ થી ૧૪.૦૪.૨૦૨૨ સુધી ઉજવાયો.

### પ્રવીણભાઈ લોડાયાની સાધર્મિક યાત્રા સેવા

ટ્રાવેલ અને ટુરીઝમ વ્યવસાય સાથે જોડાયેલા પ્રવીણ ટોકરશી લોડાયા-કોઠારા (ડોંબિવલી) વર્તમાન ચોવીસીના ૧૧૯ કલ્યાણક તીર્થોની બધા જ ગચ્છોના મુમુક્ષાઓને ભેદભાવ વગર સમસ્ત મહાજન દાતાઓના સહયોગથી આઠ વર્ષથી જાત્રા કરાવે છે. જેને સ્વદ્રવ્યથી જાત્રા કરવી હોય તેમને નફા-નુકસાન વગર જાત્રા કરાવે છે. કોઈ પણ ગચ્છના હોય, બધા મુમુક્ષુઓને ભેદભાવ વગર સારામાં સારી સેવા આપે છે. અનુમોદના સહ અભિનંદન.

### પીંજરે પુરાયેલાની આઝાદી : મિશન પંખી

આપણા દેશમાં અને કેટલાક પરદેશોમાં પણ બોલતા પોપટ કે અન્ય સુંદર પક્ષીઓને પાંજરે પૂરી ઘરમાં રાખવાનું ઘણાને ગમતું હોય છે. આ પંખીઓને પાંજરે પૂરી ખાવાનું આપે એ ખરૂં પણ આઝાદી ઝુંટવી લઈ.

ભોપાલમાં રહેતા બાયઠના ધર્મેન્દ્ર હિંમતલાલ પોલડીઆ અને એમના ધર્મપત્ની જયશ્રીબેન મિશન પાંજરે પુરાયેલા પંખીઓ છેલ્લા ૨૨થી વધુ વર્ષોથી આઝાદ કરાવે છે. એમાં એમના ભાઈ-ભાભી સહિત સંપૂર્ણ કુટુંબ સક્રિય છે. ઉપરાંત બીજા અનેક લોકો જોડાયેલા છે. પક્ષીઓ પકડી વેચતા લોકો, લોકોના ઘરમાં પાંજરે પુરાયેલા પક્ષીઓને આઝાદ કરાવવા પ્રયત્નશીલ છે. એમના આ ભગીરથ પ્રયાસથી ભોપાલમાં લગભગ પીંજરાના પક્ષીઓ આઝાદ થઈ ગયા છે. બલકે કહો કે ભોપાલ દેશનું સર્વપ્રથમ પીંજરામુક્ત શહેર બની ચૂક્યું છે. આ માટે મધ્યપ્રદેશના રાજ્યપાલ (ગવર્નર) તરફથી તેમનું સન્માન થયું છે. અને બીજા અનેક રેકોર્ડ એમના નામે નોંધાયા છે. અનુમોદના અને અભિનંદન.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

### પરબ શક્તિ સંજીવની સોસાયટી -માટુંગા

દ્વારા શ્રી નારાણજી શામજી મહાજનવાડી ખાતે શનિવાર, ૨૩ એપ્રિલ ૨૦૨૨ના દિને, સવારે ૧૦ થી રાત્રે ૮ સુધી, એક અનોખો ફેશન, ફૂડ તથા લાઈફસ્ટાઈલ ઉત્સવ 'આરુણ્ય' યોજવામાં આવેલ છે. ચાર માળામાં આયોજીત ભવ્ય પ્રદર્શન તથા વેચાણ મેળામાં વૈવિધ્યસભર અનેક આગવા અને અતિવિશિષ્ટ ઉત્પાદનો મળી રહેશે. આ પ્રદર્શનનું ઉદઘાટન એફ/નોર્થ વોર્ડ ૧૭૭ના મ્યુનીસીપલ કાઉન્સીલર શ્રીમતી નેહલ શાહ કરશે.

### સખીવૃંદ મહિલા મંડળ-પુના



ફેબ્રુઆરી મહિનાની મીટીંગ તા. ૧૨ના ગુગલ મીટ પર મીનાકારી પેઈન્ટીંગના સુંદર વિષય પર તથા વેલેન્ટાઈન વીકની ઉજવણી સાથે જયશ્રીબેન મૈશેરીએ ઓનલાઈન યોજી હતી.

જયશ્રીબેને તૈયાર કરેલા ૧૭ આર્ટીકલ જેમ કે ૧૮/૩૬ સાઈઝની આકર્ષક ફ્રેમ, જ્વેલરી, ગીફ્ટ બોક્સ, ફ્લાવર પોટ, મુખવાસ ટ્રે, ડેકોરેટીવ બોટલ, ભગવાનની પુજામાં વપરાતા ઉપકરણો, ફોટો ફ્રેમ અને ફાનસ જેવા મીનાકારી દ્વારા સુશોભિત કરાયેલા આર્ટીકલ્સને સખીઓ સમક્ષ પ્રદર્શિત કર્યા હતા.

મીટીંગની શરૂઆતમાં પ્રમુખશ્રી મીતાબેન લાલકાએ વેલેન્ટાઈન ડેની શુભેચ્છાઓ આપતા સર્વે સખીઓને આવકાર્યા. ત્યારબાદ લેખાબેન માલદે દ્વારા ડિસેમ્બર મહિનાની મીટીંગનો અહેવાલ સખીઓ સમક્ષ રજુ કર્યો. અંતમાં ચાંદનીબેન લોડાયાએ જયશ્રીબેન મૈશેરીનો આભાર વ્યક્ત કર્યો હતો.

### સ્પૂન ઑફ લવ



ચેતક કેટરર્સવાળા, પ્રતાપભાઈ ધુલ્લા-વડાલાના વર્ચ્યુઅલ રેસ્ટોરાં, 'સ્પૂન ઑફ લવ'ને ટાઈમ્સ ફૂડનો 'પેટ પૂજા' એવોર્ડ પ્રાપ્ત થયો છે. સ્પૂન ઑફ લવના સૂત્રધાર છે પ્રતાપભાઈ ધુલ્લા, વિશાલ ધુલ્લા અને ચાર્મી મોદી.

### લોડાયા ભાવિક સંઘ (હૈદરાબાદ)



લોડાયા ગોત્રના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની સામુહિક પેઢી તા. ૧૦.૪.૨૦૨૨ના રોજ હૈદરાબાદ કચ્છી ભવન ખાતે આયોજિત કરવામાં આવી હતી. માતાજીની સ્થાપના પુજન-અર્ચન, આરતી-પ્રસાદ સામુહિક રીતે સંપન્ન થયા હતા. આ પ્રસંગે લોડાયા ગોત્રના ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.

### ક.દ.ઓ.જૈન સંઘ ખંડવા

પ.પૂ.ગુરૂમૈયા મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ચૈત્ર માસની શાશ્વતી નવપદની આયંબિલની ઓળીમાં ૨૭ ભાગ્યશાળીઓએ સમ્પૂર્ણ ઓળીનો તથા ૨૭૧ ભાગ્યશાળીઓએ આયંબિલનો લાભ લીધો.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર

શ્રી ધણીબાબા અને શ્રી ભલારાદાદાની સામુહિક પહેડી અને સંગીતમય ભક્તિનું આયોજન તા. ૧૦.૦૪.૨૦૨૨ના રાખવામાં આવેલ. સર્વપ્રથમ છબીની સ્થાપના, સંગીતમય ભક્તિ, પહેડી ધરાવા તતપશ્ચાત આરતી બાદ પ્રસાદી (ભોજન)નો લાભ સર્વે જ્ઞાતિજનોએ સારી સંખ્યામાં લીધેલ.

### શ્રેયસકારી કન્યા સંસ્કાર શિબિર

સંઘ કૌશલ્યાધાર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પ.પૂ.મહોદયશ્રી મ.સા.ના શિષ્ય પ.પૂ. યશોદયશ્રીજી મ.સા.ના શિષ્ય પ.પૂ. ડો. સાહર્ષનિધીશ્રી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં રેસીડેન્સીયલ વર્કશોપ આયોજન થયેલ છે. વર્તમાન વાતાવરણમાં પબ પાર્ટી ફેશન, ડેટીંગ, એપ્સ, પેરેન્ટલ કોન્ફલીક્સ, ઈન્ટરકાસ્ટ વિ. વિ. ટ્રેન્ડમાં છે. આપણી દિકરીઓને આ વાતાવરણના પ્રભાવથી બચાવવા શ્રી બીજાપુર કચ્છી ભવનમાં શિબીરનું આયોજન કરેલ છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**

શિબિરના ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૫.૦૪.૨૦૨૨ છે. સંપર્ક સુત્ર - ધિરીષભાઈ ધરમશી-૯૮૪૫૩૫૨૩૦૫, રાજુભાઈ છેડા-૮૬૬૦૬૮૧૦૧૯.

શિબીરમાં આવનાર પ્રત્યેક શિબિરાર્થીને ૧૦૦૦રૂા. ભેટ સ્વરૂપે આપવામાં આવશે.

### જાગૃત જનપ્રતિનિધી નેહલબેન શાહ



